વિદેશ મંત્રીએ એન્ટિગુઆ અને બાર્બુડામાં યોજાઇ રહેલી સીએચઓજીએમની બેઠકની સાથે સાથે ગુયાનાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી (04 નવેમ્બર, 2026)

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે એન્ટિગુઆ અને બાર્બુડામાં યોજાયેલી કૉમનવેલ્થ હેડ્સ ઑફ ગવર્નમેન્ટ મીટિંગ (સીએચઓજીએમ)ની બેઠક દરમિયાન કો-ઑપરેટિવ રિપબ્લિક ઑફ ગુયાનાના રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. મોહમ્મદ ઇરફાન અલી સાથે મુલાકાત કરી.

2. બંને નેતાઓએ ભારત-ગુયાના દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી અને વેપાર અને રોકાણ, ઉર્જા, કૃષિ, માળખાગત વિકાસ, ડિજિટલ ટેકનોલોજી અને ક્ષમતા નિર્માણ સહિત પરસ્પર હિતના ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત કરવાની રીતો પર ચર્ચા કરી.

3. મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે નીચેના ત્રણ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા:

a) સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો (એમએસઈ)ના ઉત્પાદન ક્ષેત્રના પ્રોજેક્ટ્સનો પુરવઠો અને સ્થાપન.

b) ક્વિક ઇમ્પેક્ટ પ્રોજેક્ટ્સ (ક્યૂઆઈપી)ના અમલીકરણ માટે અનુદાન સહાય.

c) ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર (ડીપીઆઈ) અને ગયાનામાં યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઈ) જેવી સિસ્ટમની કામગીરીમાં સહયોગ.

4. ઈએએમએ ગુયાનાની વિકાસલક્ષી પ્રાથમિકતાઓ અને માળખાગત સુવિધાઓના પ્રકલ્પોને સહયોગ આપવા માટે ભારત દ્વારા 500 મિલિયન અમેરિકી ડૉલરની નવી લાઇન ઑફ ક્રેડિટ આપવાની પણ જાહેરાત કરી હતી. ભારતે પહેલેથી જ ગુયાનામાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે અને નવી લાઇન ઓફ ક્રેડિટ બંને દેશો વચ્ચે વિકાસ ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

5. ભારત અને ગુયાના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોમાં મૂળભૂત લાંબા સમયથી ચાલતા અને ગાઢ સંબંધો ધરાવે છે. ગ્લોબલ સાઉથના ભાગીદારો અને કૉમનવેલ્થના સભ્યો તરીકે, ભારત અને ગુયાના તેમના બહુપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા તેમજ વિકાસ અને સમૃદ્ધિ માટેની સહિયારી પ્રાથમિકતાઓને આગળ વધારવા માટે સતત સાથે મળીને કાર્ય કરી રહ્યા છે.

એન્ટિગુઆ અને બાર્બુડા

04 નવેમ્બર, 2026